# “ગોબરગેસ નું મહત્વ અને તેની ઉપયોગીતા”
# એક દિવસીય ખેડૂત તાલીમ અને નિદર્શન કાર્યક્રમ

---

આણંદ કૃષિ યુનિવર્સિટીની કૃષિ ઈજનેરી અને ટેકનૉલોજી કોલેજ ખાતે ‘એડવાન્સ સેન્ટર ફોર રિસર્ચ એન્ડ ટ્રેઇનર્સ ટ્રેઇનીંગ ઓન એગ્રીકલ્ચરલ એન્જીનિયરીંગ બેઝ્ડ ઈંટરવેન્શન’ પ્રોજેકટ અંતર્ગત રિન્યુએબલ એનર્જી એન્જીનિયરીંગ વિભાગ દ્વારા “ગોબરગેસ નું મહત્વ અને તેની ઉપયોગિતા” વિષય પર તારીખ ૭/૦૩/૨૦૧૯ ના રોજ એક દિવસીય ખેડૂત તાલીમ અને નિદર્શન કાર્યક્રમ યોજાયો. આ કાર્યક્રમમાં વાવડી ખુર્દ, ઉઝડા, વેગનપુર તેમજ કાશીપૂરા ગામથી ૬૦ જેટલી ખેડૂત મહિલાઓ હાજર રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત પધારેલ મહેમાનોનું પુષ્પગુચ્છ આપીને કરાઇ હતી

આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે ડૉ આર.સુબૈયાહ, આચાર્ય અને વિધ્યાશાખાધ્યક્ષશ્રી (એગ્રીકલ્ચરલ એન્જીનિયરીંગ), કૃષિ ઈજનેરી અને ટેકનૉલોજી કોલેજ, ગોધરા તેમજ કોલેજના વિવિધ વિભાગના વિભાગીય વડાશ્રીઓ, કોલેજના અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓ તેમજ અનુસ્નાતક કક્ષાના વિધ્યાર્થીઓ હાજર રહ્યા.

કોલેજના આચાર્ય અને ડીનશ્રી ડૉ. આર.સુબૈયાહએ તાલીમાર્થીઓને બાયોગેસ ટેક્નોલૉજી એ વધતી જતી ઉર્જાને પહોચી વળવા માટે સૌથી યોગ્ય વિકલ્પ તેમજ ઘરોમાં પ્રકાશ, સિંચાઇ અને નાના ઉદ્યોગો માટે પણ બાયોગેસ ઉપયોગી અને ગુજરાત સરકારની ખેડૂત લક્ષી બાયોગેસ ને લગતી વિવિધ યોજનાઓથી માહિતગાર કર્યા. તેમજ સેન્દ્રિય કચરો, જળકુંભી, મકાઇના સાંઠા, કેળના પાન, જંગલી ઘાસ, ખેત આડપેદાશો, પાણીમાં થતી લીલ, ઓધ્યોગિક કચરાઓ વગેરે ગોબર ગેસ ઉત્પાદનના કાચા માલ તરીકે ઉપયોગી કરી શકાય અને ગેસ બન્યા બાદ બાકી રહેલ સડેલ સ્લીરમાં ખાતર તરીકેના ગુણો સહેજ પણ ઓછા થતાં નથી, બલ્કે વધે છે. આમ, ગેસ અને ખાતર બન્ને હેતુમાં ઉપયોગી થાય તેમ જણાવેલ હતું

















સદર તાલીમમાં ડૉ. ડી. કે. વ્યાસ, વિભાગીય વડાશ્રી, આર.ઇ.ઇ. વિભાગ, કૃષિ ઈજનેરી અને ટેક્નોલૉજી કોલેજ, ગોધરા, દ્વારા "ગોબર ગેસ એટલે શું? અને તેની પ્રધ્યાનતા" અને "બાયોગેસનું શુદ્ધિકરણ અને તેના ઉપયોગો" વિષય પર તેમજ ઈજ. જે. જે. ચાવડા, એસ.આર.એ., આર.ઇ.ઇ. વિભાગ, કૃષિ ઈજનેરી અને ટેક્નોલૉજી કોલેજ, ગોધરા દ્વારા "જુદા જુદા પ્રકારના બાયોગેસ પ્લાન્ટ, તેના ફાયદા અને ગેરફાયદા" અને "જુદા-જુદા કચરા/ખેત આડપેદાશોનો બાયોગેસમાં ઉપયોગ" વિષય પર વ્યાખ્યાન આપ્યા. તદુપરાંત તાલીમાર્થીઓને ગોબર ગેસ કેવી રીતે કામ કરે અને તેમાથી નીકળતા ગેસનો રસોઈ કામ માટે કેવી રીતે ઉપયોગ થાય તેનું પ્રાયોગિક નિદર્શન કરી બતાવેલ હતું.

તાલીમના અંતે ડૉ. ડી. કે. વ્યાસ, વિભાગીય વડાશ્રી, આર.ઇ.ઇ. વિભાગ દ્વારા આમંત્રિત મહેમાનો ખેડૂત બહેનો તેમજ આયોજકોની આભાર વિધિ કરવામાં આવી હતી